


"બોલ મારી અંબે... જય જય અંબે..."

"ઓ... હો... આજ તો કાંઈ મુડમાં છો ને..?! ભક્તિના રંગમાં રંગાઈ ગયા લાગો છો..?!"

"સાહેબ... ભક્તિ ગણો કે શક્તિ... આપણે તો સેવા કરવાવાળા માણસ... કોઈકને ઉપયોગી થવાય એવા બે કામ કરાય એટલે બહુ..!"

"બહુ મોટી વાત કરી દીધી હોં... એટલે આજકાલ સેવાકેન્દ્રમાં છો એમને..?!"

"હા સાહેબ હા... પગપાળા અંબાજી નથી જઈ શકતા પણ જે જાય છે એની સેવા કરીએ એટલે 'મા'ની જ સેવા છે ને ?!"

"હા... એ વાત સાચી છે... માનવ સેવા એ જ પ્રભુ સેવા... આ આપણો જીવનમંત્ર બનાવવો જોઈએ."

"સાહેબ આટલી બધી ખબર ના પડે હોં આપણને... આવુ ભારે ભારે ના કહેશો... અમને તો એવી ખબર પડે, કોઈને ટેકો થતો હોય તો કરવો અને ના થાય તો પણ નડવું તો નહીં જ..!!"

"હા... એ તો મોટી સેવા છે... એ જ મોટી સેવા છે. પણ એક વાત પુછી લઉં..?! આ વખતે પહેલાં જેવી ગંદકી તો નથી થતી ને..?"

"ના સાહેબ ના... હવે તો ચોખ્ખા ચણાક સેવા કેન્દ્રો. જોયા છે તમે કે ખાલી બેઠાબેઠા પંચાત જ કરો છો..?!"

"હવે તો યાત્રીઓ અને સેવાકેન્દ્રો વાળાએ સ્વચ્છતાને સંસ્કાર બનાવ્યા છે..!"

"બહુ જ સારૂ કહેવાય હોં... બહુ જ સારૂ કહેવાય... મા ના સીધા આશિર્વાદ તમારા ઉપર ઉતરશે... સ્વચ્છતા ત્યાં પ્રભુતા..."

"પણ કેમ સાહેબ આજે આ નવી વાત માંડી છે..?!"

"ના... ના... આ નવું કાંઈ નથી. આ જ જીવનની પાઠશાળા છે... નાની નાની વાતો જીવનને મઘમઘતો બગીચો બનાવી દે છે..!! એટલે મેં ધર્મ-સેવા અને સ્વચ્છતાની વાતો માંડી છે ભાઈ..! અને એ જ જીવનના મુળભૂત તત્વો છે."

"ઓ... હો... હો... આપે તો સાહેબ અંબાજીના ગોખમાં ઝળહળતા 'દિવા'નો અજવાસ રોમેરોમમાં પ્રસરાવી દીધો..!! મા આદ્યશક્તિની ઉપાસનાનો મર્મ વાતવાતમાં સમજાવી દીધો સાહેબ..!"

"હા... તારી વાત સાચી છે ભાઈ... તારી વાત સાંભળીને પેલો અખો યાદ આવે છે... તિલક કરતાં ત્રેપન ગયા, જપમાળાના નાકા ગયા..."

"... કથા સુણી સુણી ફૂટ્યા કાન તોય અખા ન આવ્યું બ્રહ્મ જ્ઞાન એવું ને સાહેબ..?!"

"આવડી ગયું ભાઈ આવડી ગયું..!! આજે પણ આપણે ધર્મને માત્ર આચાર જ રાખ્યો છે.. આચરણ સુધી પહોંચવા જ નથી દીધો..!!"

"એટલે..?!"

"ધર્મને આપણે કથાવાર્તામાં... તિલક તંબુરામાં... મંદિરો અને મહોત્સવોમાં સિમિત કર્યો છે..! બદલાતા સમયની સાથે થોડોક બદલાવ અહીં પણ જરૂરી છે..."

"સાહેબ ચિંતા નાહક કરો છો... નવી પેઢીની આખી દૃષ્ટિ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી વધુ ૪ કેસ સ્વાઈન ફલુના મળ્યા

**છાલામાંથી ૩ કેસ તો રિદ્રોલમાંથી ૧ કેસ મળ્યો : સૌથી વધુ કેસ ગાંધીનગર તાલુકામાંથી મળી આવ્યા છે**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪ તથા ગાંધીનગર શહેરમાંથી વધુ ૨ કેસ સ્વાઈન ફલુ પોઝીટીવના મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના છાલા ગામેથી ૩ દર્દી સ્વાઈન ફલુ પોઝીટીવ ધરાવતા મળી આવ્યા છે. આ ૩ દર્દી પુરૂષ દર્દી હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત માણસા તાલુકાના રિદ્રોલ ગામેથી પણ સ્વાઈન ફલુ પોઝાટીવનો દર્દી મળી આવેલ છે.

આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના દર્દીઓની સંખ્યા ૧૦૪ પર પહોંચી છે. વિગતો પ્રમાણે ૭૧ દર્દી સંપૂર્ણ રોગમુક્ત થતાં હોસ્પિટલમાંથી તેમને રજા આપવામાં આવી છે. જિલ્લામાં આ રોગથી અત્યાર સુધીમાં ૧૪ દર્દીના મોત થયા છે. ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી ૪૩ દર્દી મળ્યા છે જે જિલ્લામાં સૌથી વધુ છે. આ પછી બીજા ક્રમે કલોલ આવે છે જયાંથી ૩૨ દર્દી મળી આવ્યા છે. દહેગામમાંથી ૧૪ અને માણસામાંથી બે દર્દી મળ્યા છે.

ઓગષ્ટ માસ દરમ્યાન જ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી ૯૧ દર્દી મળી આવ્યા છે. સ્વાઈન ફલુથી જે ૧૪ દર્દીના મોત થયા છે તેમાં દહેગામમાં પાંચ, ગાંધીનગર, માણસા, કલોલમાંથી ૩-૩-૩ દર્દીના મોત થયા છે. મળતી વિગતો પ્રમાણે હાલ ૧૯ દર્દી સારવાર હેઠળ છે. જેમાં બે વેન્ટીલેટર પર અને બે બાયપેપ પર સારવાર હેઠળ છે. અન્ય દર્દીઓની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ આવી રહી હોવાનું આરોગ્યતંત્ર માની રહ્યું છે. જો કે હવામાનમાં સતત બદલાવ એ રોગચાળાનું મુખ્ય કારણ જણાવાઈ રહ્યું છે.

## કલોલ તાલુકાની મહિલાનું સ્વાઈન ફલુથી મોત

ગાંધીનગર, તા. ૨૯

સ્વાઈન ફલુથી આજે જિલ્લામાં વધુ એક દર્દીનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું છે. કલોલ તાલુકાની મહિલા દર્દીનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત નીપજતાં જિલ્લામાં સ્વાઈન ફલુથી મૃત્યુ પામનાર દર્દીની સંખ્યા ૧૫ પર પહોંચી છે. જિલ્લામાં કલોલ તાલુકામાં મહિલા દર્દીના મોત સાથે મૃત્યુ પામનાર દર્દીઓનો આંક ૪ પર પહોંચ્યો છે.

# સેક્ટર-૨૯ અને ૪માંથી સ્વાઈન ફલુ પોઝીટીવના દર્દી મળ્યા

**શહેરમાં સ્વાઈન ફલુ દર્દીની સંખ્યા ૩૩ થઈ : સારવાર દરમ્યાન ૧ નું મોત : મૃત્યુ આંક ૪ થયો**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના સે. ૨૯ અને સે. ૪માંથી આજે બે કેસ સ્વાઈન ફલુના પોઝીટીવ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં સ્વાઈન ફલુ પોઝીટીવ દર્દીઓની સંખ્યા ૩૩ પર પહોંચ્યો છે.

શહેરમાં સ્વાઈન ફલુથી એક દર્દીનું સારવાર દરમ્યાન મૃત્યુ થયું છે. આ સાથે શહેરમાં સ્વાઈન ફલુથી મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૪ થઈ છે.

ગઈ કાલે ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુની સારવાર માટે દાખલ કરાયેલ સે. ૪ના એક ૬૩ વર્ષીય વૃદ્ધનું સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન આજે મૃત્યુ થયું હતું.

આજે જે બે દર્દીઓ મળી આવ્યા છે તેમાં એક મહિલા અને એક પુરૂષ દર્દી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૯માંથી એક આધેડને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ. આ ઉપરાંત સે. ૨૯માંથી ૪૬ વર્ષીય મહિલાને પણ પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ.

બન્ને દર્દીઓ હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં પણ ઓગષ્ટ માસ દરમ્યાન જ સ્વાઈન ફલુનો કેસ વધુ સામે આવ્યા છે.



વહેલા પધારજો... - ગણેશોત્સવના પાંચમાં દિવસે શહેરના ઘણાબધા પાંડાલોમાંથી ગણપતિ દાદાને વિદાય આપી પાણીમાં પધરાવાયા હતા... ગણપતિ વિસર્જન પણ ભાવપૂર્વક સેક્ટરે-સેક્ટરે યોજાય છે... પ્રારંભિક શોભાયાત્રા જેટલો અને જેવો ઉત્સાહ વિસર્જન યાત્રામાં પણ જોવા મળે છે... ગણપતિ બાપાની મૂર્તિ નદીમાં પધરાવતા યુવાનોના ચહેરા પર વિરહ અને પુનઃ પધારવાના ભાવ સાથે બાપા મોરિયાના જયઘોષ કરાતા હતા...

# ભાદરવે આકરા તાપના બદલે આકાશમાં વરસાદી વાદળાનો ઘેરાવો યથાવત

**રોજબરોજ હાજરી પુરાવી જતા વરસાદના લીધે ભીંજારો : નગરમાં જરમરીયો વરસાદ શહેરીજનોને ભેજવાળા વાતાવરણથી બેચેની**

ગાંધીનગર તા ૨૯

શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદી મોહોલ યથાવત છે. રોજબરોજ વાદળિયા વાતાવરણ વચ્ચે હળવા વરસાદી ઝાપટાથી ભીંજારોની મોસમ જામી છે. ભાદરવે આકરા તાપના બદલે આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળો વચ્ચે સુરજદાદાની ગેરહાજરી વચ્ચે રોજ વરસાદ હાજરી પુરાવી જાય છે. આજે પણ દિવસ દરમિયાન જરમર વરસાદ વરસ્યો હતો.

ગાંધીનગર જિલ્લામાં સિઝનનો પર્યાપ્ત વરસાદ થઈ ગયો છે. ત્યારે રાજયમાં વાતાવરણમાં નાટયાત્મક પલ્ટા વચ્ચે હાલ ભાદરવો તપવાના બદલે વરસાદી માહોલ જામ્યો છે. રાજયના વિવિધ શહેરમાં ભારેથી અતિભારે વરસાદના લીધે ઘણાં ઠેકાણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ત્યારે પાટનગરમાં પણ વરસાદી ઝાપટા વચ્ચે ભીંજારાની મોસમ

● અનુસંધાન પાન-૭ પર


## ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ

કોર્પોરેટ ઓળખ નંબરઃ L40200GJ1998SGC035188

રજિસ્ટર્ડ ઓફિસ : જીએસપીસી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ ટેલિ.: ₹૯૧-૭૯-૬૬૭૦૧૦૦૧

ફેક્સઃ ₹૯૧-૭૯-૨૩૨૩૬૪૭૭, વેબસાઇટઃ www.gspcgroup.com ઇમેઇલઃ investors.gspl@gspc.in

### નોટિસ

**૧. વાર્ષિક સાધારણ સભા :**

આથી નોટિસ આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની ૧૯મી (ઓગણીસમી) વાર્ષિક સાધારણ સભા ગુરૂવાર, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૭ને બપોરે ૩.૩૦ કલાકે એસેમ્બલી હોલ, જીએસપીસી ભવન, ઉદ્યોગભવન પાછળ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ખાતે યોજાશે.

સાધારણ વાર્ષિક સભામાં હાથ ધરવામાં આવનાર સાધારણ અને વિશેષ કામગીરી નક્કી કરતી નોટિસ અને તેની સાથે સંલગ્ન, ૩૧ માર્ચ, ૨૦૧૭ના રોજના ઓડિટેડ નાણાકીય વિવરણો (સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ) ડિરેક્ટર્સ અહેવાલ અને તે પરનો ઓડિટર્સનો અહેવાલ જે સભ્યોએ ડિપોઝિટરીઝ / આરએન્ડટીએ / કંપની સાથે પોતાના ઈ-મેઈલ આઈડી રજિસ્ટર કરાવેલા છે તે સભ્યોને ઈ-મેઈલ મારફતે મોકલવામાં આવ્યા છે. જે સભ્યો એ તેમના ઈ-મેઈલ આઈડી રજિસ્ટર કરાવ્યા નથી / જેમણે ભૌતિક નકલ માટે વિશેષ વિનંતી કરેલ છે તે સભ્યોને કૂરિયર મારફતે ૨૯ ઓગસ્ટ, ૨૦૧૭ના રવાના કરેલ છે.

કૃપા કરીને નોંધ લેશો કે કંપનીનો ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.gspcgroup.com પર "Investors" વિભાગ હેઠળ ઉપલબ્ધ છે વધુમાં વાર્ષિક સાધારણ સભામાં કરવાના કામકાજને લગતા દસ્તાવેજો કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ અને કોર્પોરેટ ઓફિસમાં કામકાજના કલાકો દરમિયાન નિરીક્ષણ માટે ઉપલબ્ધ રહેશે.

**૨. એજીએમ અને ડિવિડન્ડની ચુકવણી માટે બુક બંધ :**

અહીં એ નોટિસ પણ આપવામાં આવે છે કે કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૯૧ને કંપની (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ અને સેબી (લિસ્ટિંગ જવાબદારી અને ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ) રેગ્યુલેશન્સ ૨૦૧૫ની સમજૂતીની કલમ ૪૨ સાથે અનુસરતા, કંપનીના સભ્યોનું રજિસ્ટર અને ટ્રાન્સફર બુક શુક્રવાર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭ થી ગુરૂવાર, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૭ (બંને દિવસ સહિત) ડિવિડન્ડની ચુકવણીના હેતુસર બંધ રહેશે. આગામી વાર્ષિક સાધારણ સભામાં જો ડિવિડન્ડ જાહેર થશે તો ગુરૂવાર, ૫ ઓક્ટોબર અથવા તે પછી કંપનીના સભ્યોને ચુકવવામાં આવશે, જેમના નામ (એ) ઈલેક્ટ્રોનિક સ્વરૂપે શેર હોવાના સંબંધમાં ડિપોઝિટરીઝ દ્વારા રજૂ કરવામાં આવતી યાદી મુજબ, ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના કામગીરીના કલાકો પૂર્ણ થવાના સમયે લાભાર્થી માલિકો તરીકે હશે; અને (બી) ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ કે અગાઉ ભૌતિક સ્વરૂપે પ્રાપ્ત થયેલા શેરના તમામ માન્ય હસ્તાંતરણની અસર પછી ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ કંપનીના સભ્યો તરીકે નોંધાયેલ હશે.

૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ કે અગાઉ ભૌતિક સ્વરૂપે શેર ધરાવવાના કિસ્સામાં તમામ હસ્તાંતરિત દસ્તાવેજો, સરનામું બદલવાની અરજીઓ, બેંકની વિગતો / આદેશો / ઈસીએસ આદેશો, પેન કાર્ડની વિગત કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ, મેસર્સ કાર્વી કમ્પ્યુટરશેર પ્રાઈવેટ લિમિટેડ, કાર્વી સેલેનિયમ ટાવર બી, પ્લોટ નંબર ૩૧ અને ૩૨, ગચીબાવલી, ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિક્ટ, નાનાક્રામગુડા, સેરિલિંગમપલ્લી, હેદરાબાદ - ૫૦૦ ૦૦૮ ખાતે મોકલી આપવાના રહેશે. ઈલેક્ટ્રોનિક સ્વરૂપે શેર હોવાના સંબંધમાં ઉપરોક્ત વિગતો સમયસર સભ્યો દ્વારા જે-તે ડિપોઝિટરીને સમયસર મોકલી આપવી.

**૩. ઇલેક્ટ્રોનિક પદ્ધતિ મારફતે મતદાન :**

કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૮ને સુધારો કર્યા મુજબ કંપની (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ના નિયમ ૨૦ અને સેબી (લિસ્ટિંગ જવાબદારી અને ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ) રેગ્યુલેશન્સ ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૪ સાથે વાંચ્યા અનુસાર, કંપની તેની વાર્ષિક સાધારણ સભાની નોટિસમાં નિશ્ચિત કરાયેલા તમામ ઠરાવો પર મતદાન કરવા તેના સભ્યોને તેમના મતદાનના અધિકારનો ઉપયોગ કરવાની સુવિધા પ્રદાન કરીને આનંદ અનુભવે છે. સભ્યો સભાના સ્થળથી અલગ સ્થાનેથી ઈલેક્ટ્રોનિક મતદાન વ્યવસ્થાનો ઉપયોગ કરીને તેમના મતો આપી શકે છે ("દૂરસ્થ ઈ-મતદાન"). કંપનીએ ઈ-મતદાન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ અથવા "CDSL" ની સેવાઓ લીધી છે.

સભ્યોને વિનંતી કે ૧૯મી વાર્ષિક સાધારણ સભાની નોટિસમાં દર્શાવેલ નોટ્સ વિભાગમાં, આપેલી નોટિસમાં જણાવેલ ઠરાવો પર ઈ-મતદાન કરવા માટે ઈ-વોટિંગ સૂચનાઓ અને વિગતવાર પ્રક્રિયા જોઈ જવી.

**કંપની ધારા, ૨૦૧૩ની જોગવાઈઓ અને નિયમો અનુસાર વિગતો નીચે મુજબ છેઃ**

- ઈ-મતદાન શરૂ થવાની તારીખ અને સમયઃ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૭, સોમવાર, સવારે ૯.૦૦ (ભારતીય પ્રમાણભૂત સમય).
- ઈ-મતદાન પૂર્ણ થવાની તારીખ અને સમયઃ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૭, બુધવાર, સાંજે ૫.૦૦ (ભારતીય પ્રમાણભૂત સમય).
- દૂરસ્થ ઈ-મતદાનની કથિત તારીખ અને સમય પછી દૂરસ્થ ઈ-મતદાનની મંજૂરી આપવામાં નહીં આવે.
- ઈ-મતદાનનો અધિકાર મેળવવા માટે કટ-ઓફ ડેટ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૭છે.
- કટ-ઓફ ડેટ એટલે કે ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ સભ્યો / લાભાર્થી માલિકો તરીકે પત્રકમાં નામ સામેલ હોય તે વ્યક્તિ જ દૂરસ્થ ઈ-મતદાનની સુવિધાનો લાભ મેળવવાને અને સભામાં મતદાન કરવાને પાત્ર બનશે.
- કટ-ઓફ ડેટ એટલે કે ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ બેઠકની નોટિસ રવાના થયા પછી કંપનીના સભ્ય બનેલી શેર ધરાવતી કોઈ પણ વ્યક્તિ એજીએમ નોટિસના ભાગ તરીકે ઈ-મતદાનની સૂચના અનુસરીને યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. એજીએમ નોટિસ સીડીએસએલના પોર્ટલ www.cdslindia.com પર પણ ઉપલબ્ધ છે. તેમજ helpdesk.evoting@cdslindia.com પર મેઈલ રિક્વેસ્ટ મોકલીને વધુ માર્ગદર્શન માગી શકે છે. જો સભ્ય સીડીએસએલ સાથે ઈ-વોટિંગ માટે નોંધાયેલ હોય તો તે / તેણી હાલનો યુઝર આઈડી અને પાસવર્ડ દૂરસ્થ ઈ-મતદાન મારફત મત આપવા માટે વાપરી શકશે.
- દૂરસ્થ ઈ-મતદાન દ્વારા મતદાન કરનાર સભ્યો સભામાં હાજરી આપી શકશે, પણ તેમનો મત ફરી આપી નહીં શકે.
- મતદાન માટેની સુવિધા સભામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે અને દૂરસ્થ ઈ-મતદાન દ્વારા તેમનો મત નહીં આપનાર સભામાં હાજર સભ્યો ચૂંટણી મારફતે બેઠકમાં મત આપી શકશે.
- ૧૯મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ કંપનીની વેબસાઈટ www.gspcgroup.com પરના "Investors" વિભાગ હેઠળ અને સીડીએસએલ પોર્ટલ www.cdslindia.com ના ઈ-વોટિંગ વિભાગ પર ઉપલબ્ધ રહેશે.
- ઈલેક્ટ્રોનિક મતદાન સૂચનાઓ માટે સભ્યો, શેરધારકો માટે અવારનવાર પૂછાતા પ્રશ્નો (એફએક્યુ) અને ઈ-મતદાન મેન્યુઅલ જે www.evotingindia.com ના help section પર ઉપલબ્ધ છે તે જોઈ શકશે અથવા helpdesk.evoting@cdslindia.com પર ઈ-મેલ પણ મોકલી શકે છે. કોઈપણ પ્રશ્નો / ઈ-વોટિંગ સંબંધિત ફરિયાદો માટે શ્રી મહેબૂબ લાખાણી, સહાયક વ્યવસ્થાપક, સેન્ટ્રલ ડિપોઝિટરીઝ સર્વિસિસ (ઈન્ડિયા) લિમિટેડ, ફિરોઝ જીજીભોય ટાવર, ૧૬મો માળ, દલાલ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧ નો સંપર્ક કરી શકશે અથવા ડેઝિગ્નેટેડ ઈ-મેલ આઈડી helpdesk.evoting@cdslindia.com પર અથવા ફોન નં. ૧૮૦૦ ૨૦૦૫ ૫૩૩ પર સંપર્ક કરી શકશે.

સભામાં હાજરી આપવાનો અને મતદાન કરવાનો અધિકાર ધરાવતા કોઈ પણ સભ્યો તેમના વતી હાજરી આપવા અને મતદાન કરવા પ્રતિનિધિની નિમણૂક કરવાનો અધિકાર ધરાવે છે અને પ્રતિનિધિ કંપનીના સભ્ય હોય તે જરૂરી નથી. પ્રતિનિધિની નિમણૂકને માન્યતા આપતો પત્ર કંપનીની કોર્પોરેટ ઓફિસ જીએસપીએલ ભવન, ઈ-૧૮, જીઆઈડીસી ઈલેક્ટ્રોનિક એસ્ટેટ, સેક્ટર-૨૬, ગાંધીનગર - ૩૮૨૦૨૮ પર સભા શરૂ થાય તેના ૪૮ કલાક પહેલાં જમા કરાવવો જોઈએ.

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ વતી
સહી
રીના દેસાઈ
કંપની સેક્રેટરી

સ્થળઃ ગાંધીનગર
તારીખઃ ૨૯ ઓગસ્ટ, ૨૦૧૭


# ચ-૩ સામે સ્થિત ખાણીપીણી બજાર પાસે જ અઠવાડીયાથી ગટરના દુષિત પાણીનો ભરાવો

**સેકટરોમાં પણ મેઇનહોલમાં ભંગાણના લીધે ગટરો ઉભરાવાની સમસ્યા જટીલ**

ગાંધીનગર તા ૨૯

શહેરમાં હાલ ગટરો ઉભરાવાની સમસ્યા શિરદર્દ સમાન બની છે. સેકટરોમાં વરસાદી દિવસોમાં મેઈન હોલમાં ગાબડા પડતા ઘણાં ઠેકાણે ગટરના દુષિત પાણી ફરી વળ્યા છે. ચ-૩ ગરબા મેદાન સામે સર્વિસ રોડ નજીક સ્થિત ખાણીપીણી બજાર પાસે પણ છેલ્લા એક અઠવાડીયાથી ગટરનુ દુષિત પાણી ઉભરાતા રોગચાળાની દહેશત પ્રવર્તી છે. તંત્ર દ્વારા ત્વરિત પગલા લેવાય તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે.

ગાંધીનગરના સેકટરોમાં હાલ ગટરોનુ દુષિત પાણીના લીધે સ્થાનિક રહીશો ગુંગળામણ અનુભવી રહયા છે. સેકટરોમાં છેલ્લા એક મહીનાથી ગટરો ઉભરાવાની સમસ્યા વધી છે. ગત દિવસોમાં ભારે વરસાદના સંજોગોમાં ગટર લાઈનમાં ગાબડા પડતા મેઈનહોલ તુટવાના લીધે સેકટરોમાં ગટરોની સમસ્યા પેચીદી બની છે. ગટરલાઈન અપગ્રેડ કરવાની પ્રબળ અનિવાર્યતા ઉભી થઈ છે. ત્યારે વર્ષો જુના મેઈન હોલમાં ભંગાણ થવાના કિસ્સા તંત્ર માટે પણ શિરદર્દ સમાન બન્યા છે. આવા સંજોગોમાં નગરના જુના અને નવા સેકટરોમાં ગટર લાઈનનુ દુષિત પાણી ઉભરાતુ હોવાની ફરિયાદો વધી છે. જયારે વરસાદી દિવસોમાં તંત્ર માટે યોગ્ય કામગીરી હાથ ધરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. શહેરના ચ-૩ ગરબા મેદાન નજીક સ્થિત સર્વિસ રોડની પાસે ગટર લાઈનમાં લીકેજીસના લીધે રોજબરોજ દુષિત પાણી ઉભરાય છે. સર્વિસ રોડ નજીક સ્થિત ખાણીપીણી બજાર પાસે જ ગંદુ પાણી ભરાતા અસહય દુર્ગંધ વચ્ચે ગંદકી ખદબદી રહી છે. જેના લીધે રોગચાળો ફેલાય તેવી દહેશત પણ સ્થાનિકો વ્યક્ત કરી રહયા છે. છેલ્લા એક અઠવાડીયાથી આ વિસ્તારમાં ગટરોનુ દુષિત પાણી ભરાય છે. આમ છતા તંત્ર દ્વારા કોઈ પગલા લેવાતા નથી. શહેરના સેકટરોમાં પણ ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે નગરમાં વધતી વસતી મુજબ સેકટરોની ગટર લાઈન અપગ્રેડ કરવા માટે નવતર આયોજન હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.





સેક્ટર-૫માં ગણપતિ વિસર્જનનો વરઘોડો ભારે ધામધૂમથી નિકળ્યો હતો... નાસિક ઢોલના ધબકારે નાચગાન સાથે ગણપતિ બાપાની સવારી હાથી અને ઘોડાની બગી સાથે નિકળી હતી... શહેરમાં ગણપતિ વિસર્જનના વરઘોડામાં પ્રથમ વખત હાથી-ઘોડાની સામેલગીરી જોવા મળી હતી... બાપા મોરિયા રે, બાપા મોરિયા, ગણપતિ બાપા મોરિયાની ધૂન વગાડતા વગાડતા દાદાની સવારી નદીએ પહોંચી હતી....

# રાજયકક્ષાએ સ્વચ્છતા પુરસ્કાર માટે જિલ્લાની એક પણ શાળા પસંદ ના થતાં શિક્ષણપ્રેમીઓ નિરાશ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લાની એક પણ શાળા આજે રાજયકક્ષાએ સ્વચ્છતા પુરસ્કાર માટે પસંદ થઈ નથી.

આજે ગાંધીનગર અને રાજયના ૨૦ જિલ્લાની ૩૫ શાળાઓને આ અંગેના ખાસ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્વચ્છતા અભિયાન અંગે આ પુરસ્કાર એનાયત કર્યા બાદ સ્વચ્છતાનું આંદોલન જન આંદોલન બને તે માટે શિક્ષકો અને આચાર્યોને આહવાન કર્યું હતું.

તેમણે બાળકોમાં હાથ ધોવાની ટેવ, સ્વચ્છતા વિશેની જાગૃતિ આવે તે માટે શિક્ષકો વધુ અસરકારક ભૂમિકા ભજવી શકે છે તે વાત પર ભાર મુકયો હતો.

જિલ્લાની એક પણ શાળા રાજયકક્ષાએ સ્વચ્છતા પુરસ્કાર માટે પસંદ નહિ થયાની વાતો વાયુ વેગે જિલ્લા ભરમાં પ્રસરતાં શિક્ષણ પ્રેમીઓ નિરાશ થયા હતા.

જિલ્લામાં આધુનિક સગવડો ધરાવતા શૈક્ષણિક સંકુલો હોવા છતાં

● અનુસંધાન પાન-૭ પર




**ઝિયારત બેસણું**

અમારા માતૃશ્રી હજીયાણી શકીનાબેન ઈમામભાઈ પરમાર તા. ૨૮-૦૮-૨૦૧૭ને સોમવારના રોજ જન્નતનશીન થયેલ છે. સદ્‌ગતની ઝિયારત તથા બેસણું નીચે મુજબના સ્થળે અને સમયે રાખેલ છે.

| ઝિયારત : | બેસણું |
|---|---|
| તા. ૩૦-૦૮-૨૦૧૭ (બુધવાર) | તા. ૩૦-૦૮-૨૦૧૭ બુધવાર |
| સમય : સવારે : ૯.૦૦ કલાકે | સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ સુધી |
| જુમ્મા મસ્જીદ (પેથાપુર) | સ્થળ : તરપોજ ચકલા, મું.પેથાપુર તા.જી. ગાંધીનગર |

**પરમાર યુસુફભાઈ ઈમામભાઈ**
પૂર્વ ડેપ્યુટી મેયર ગાંધીનગર મહાનગરપાલિકા
**રોશનબેન યુસુફભાઈ પરમાર**
કોર્પોરેટર, ગાંધીનગર મહાનગરપાલિકા

| | |
|---|---|
| હાજી ઈબ્રાહીમભાઈ ઈમામભાઈ પરમાર | બાબુભાઈ ગુલાબભાઈ પરમાર |
| દાદુભાઈ ઈમામભાઈ પરમાર | યુસુફભાઈ સવાઈભાઈ પરમાર |
| યાકુબભાઈ ઈમામભાઈ પરમાર | કાલુભાઈ ઉમેદભાઈ પરમાર |
| ઈકબાલભાઈ ઈમામભાઈ પરમાર | સિરાજભાઈ ફકીરમહંમદભાઈ પરમાર |
| યુનુસભાઈ યુસુફભાઈ પરમાર | આરીફભાઈ હાજી ઈબ્રાહીમભાઈ પરમાર |
| (પ્રમુખ બયતુલમાલ ગાંધીનગર) | ફિરોજભાઈ દાદુભાઈ પરમાર |
| (પ્રમુખ સુન્ની મુસ્લીમ સમાજ પેથાપુર) | સમીરભાઈ યાકુબભાઈ પરમાર |
| મો. ૯૭૯૦૦૭૮૬,સમસ્ત પરમાર પરિવાર | સાજીદભાઈ ઈકબાલભાઈ પરમાર |

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા CEAT BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com